Vol. 12, Issue: 7, July: 2024
(IJRSML) ISSN: 2321 - 2853

# સંત પરંપરાના સર્જકોનું સાહિત્ય અને સમાજિક સંવાદિતા

ચાવડા શકુંતલાબેન દિનેશભાઈ

પ્રાચીનકાળથી જ મનુષ્ય પોત-પોતાના સમાજ બનાવે છે, અને વિભિન્ન દેશોમાં તે દેશની સામાજિક જીવનની વત્તા-ઓછા પ્રમાણમાં નવી - જૂની ધારાઓ શરુ થઈ ગઈ છે. જગતના જીવન વ્યવહારના અનુભવની એક માન્યતા બની ગઈ છે કે તે જ દેશ, તે જ સમાજ સુખી, સુરક્ષિત તથા પ્રતિષ્ઠિત જીવન પ્રાપ્ત કરે છે. જેમાં એક પ્રકારની એકતાનાં અને એકાત્મનાં દર્શન થાય છે. કેવળ સ્વાર્થના સમાન હિતના સબંધોને આધારે એકતા નિર્માણ ના થઈ શકે. સમરસતાના આર્વિભાવ પ્રેમ અને સમાનતાના ભાવ વિના થઈ શકે નહીં. એક જાણીતી ઉક્તિ છે કે 'સમાન ગુણવાળામાં જ મૈત્રીભાવ હોય છે.' પછી સમાનતા લાવવા માટે કેટલાક સ્વાર્થોનું બલિદાન પણ આપવું પડે છે. બલિદાન વિના સમરસતા અને સમાનતાનો આર્વિભાવ સંભવી શકે નહીં.

ભારતની આંતરિક એકતાનો આધાર સમરસતા પર છે. સામાજિક સમરસતા આપણી ભારતીય વિચારધારાથી જોડાયેલો વિષય છે. આપણે સમગ્ર સમાજની વાત જયારે કરીએ છીએ ત્યારે સમગ્ર સમાજ સંપૂર્ણપણે સંકુચિતતાથી ઉપર નહીં ઉઠે, ત્યાં સુધી સમાજને એક કરવો અશક્ય છે. દેશમાં સમરસતાનું વાતાવરણ થાય તે માટે દેશમાં અનેક મનીષીઓએ કાર્ય કર્યું છે, જેમાં ગામે ગામમાં વસવાટ કરતા લોકસંતોનું મહત્વનું યોગદાન છે. તેના દ્વારા આપણો સમાજ એક તાંતણે બંધાયેલો છે. આજે આપની સમક્ષ **'સંત પરંપરાના સર્જકોનું સાહિત્ય અને સમાજિક સંવાદિતા'** એ વિષે થોડી વાત કરવી છે.

આપણી સંસ્કૃતિ આધ્યાત્મિકતાથી ભરપુર છે. આ પરંપરા ખુબ પ્રાચીન અને વિલક્ષણ છે. એનો વ્યાપ મહાસાગર જેવો વિશાળ છે. સમયાંતરે આવનારી વિકૃતિઓ અને તત્કાલિક આવતા પડકારો પ્રતિ આ પરંપરા અધ્યાત્મ અને ભક્તિનો સહારો લઈ સંઘર્ષ કરે છે અને માનવસમાજ સમક્ષ સમાજની બદીઓને દૂર કરવાનો પ્રયાસ આ સંતો કરે છે. સંતોનો સમગ્ર દૃષ્ટિકોણ ખૂબ વ્યાપક છે. પરંતુ અહીં આપણે ત્રણ સંતોના સાહિત્યને લક્ષમાં રાખીને તેઓએ સામાજિક સમરસતા પર પાડેલા પ્રકાશથી અવગત થઈએ એ જ આશય અહીં રહેલો છે.

આપણા દેશની સ્વાધીનતા અને ધર્મ-સંસ્કૃતિની રક્ષા કાજે સમાજ જાગરણના અનેક પ્રયાસ બારમી શતાબ્દીમાં પણ ચાલુ રહ્યા હતા. આ જાગરણ કાર્યમાં અનેક સંતોએ બધી જ જાતિઓને સાથે લઈ, સ્થાન-

સ્થાન પર ફરી-ફરીને ભક્તિમાર્ગે વ્યાપક સમાજ જાગરણ કરી, પ્રેમ અને માનવીય સમાનતાનો શાશ્વત સમરસતાનો સંદેશ ફેલાવ્યો હતો. સંત શ્રી રવિદાસજીએ પણ આ દિશામાં પ્રમુખ ભૂમિકા નિભાવી હતી.

**સંત રવિદાસજી**

સંત રવિદાસજીજીનું જન્મસ્થાન સીર ગોબરધનપુર ગામ, જે બનારસ (કાશી)ની સીમા ઉપર આવેલું હતું. તેમનો જન્મ વારાણસીના એક ચર્મકાર પરિવારમાં થયો હતો. તેમના પિતા માનસદાસ (રહુ) માતા કરમાદેવી (ધુરબિનિયાં), પત્ની લોના અને પુત્ર વિજયદાસ હતાં.

આચાર્ય પૃથ્વીસિંહ આઝાદના કહેવા મુજબ રવિદાસજીનો જન્મ વિ. સં. ૧૪૩૩ (ઈ. સ. ૧૩૭૬)માં માઘ માસની સુદ પૂર્ણિમાને રવિવારે થયેલ. ભારતના વિવિધ ભાગોમાં ભાષાશૈલી અને સ્થાનિક બોલીઓની વિવિધતાને કારણે સંત રોહિદાસજી - રઈદાસ, રયદાસ, રુઈદાસ, રૈદાસ, રાયદાસ વગેરે નામે સમાજમાં પરિચિત છે.

રવિદાસજીને પંચગંગા ઘાટના પ્રસિદ્ધ વેદપાઠી બ્રાહ્મણ સ્વામી રામાનંદના શિષ્ય બનવાની ઇચ્છા થાય છે, અને તેમને મળી પોતાની ઇચ્છા પ્રકટ કરતાં કહે છે; 'પણ હું તો ચમાર છું.' ત્યારે સ્વામી રામાનંદજી કહે છે; 'પ્રભુના ત્યાં કોઈ નાના-મોટા નથી હોતા અને તેઓ રવિદાસજીને પોતાના શિષ્ય તરીકે સ્વીકાર કરે છે.' સંત રવિદાસજી ઘટ-ઘટમાં વ્યાપ્ત પરમ તત્વને રામ કહીને તેમનું સ્મરણ કરે છે. તેમના આરાધ્ય સર્વવ્યાપી રામ છે. તેમની ભક્તિના સહારે તે જીવનનાં બધાં કાર્ય કરે છે. તેમનાં બધાં જ કાર્ય રામને સમર્પિત છે. તેમનું પોતાનું કશું જ નથી, જે પણ છે તે રામનું છે.

'રામ નામ ધન પાયૌ તાર્થૈ,
સહજ કરું વ્યૌહાર રે ।
રામ નામ હમ લાદયૌ તાથૈ,
વિષ લાદયૌ સંસાર રે ।।
સંત રોહિદાસજી કહે છે ...
એકે માટી કે સભ ભાંડે,
સભ કા એકૌ સિરજનહારા'

સૌ એક જ માટીનાં બનેલાં છીએ અને બધાનો સર્જનહાર પરમાત્મા એક જ છે. પરમ કૃપાળુ પરમાત્મા વિના આ જીવનને ધિક્કાર છે.

સંત રવિદાસજી નિમ્ન કહેવામાં આવતી જાતિઓના આત્મસન્માન માટે પ્રભુભક્તિના માર્ગે હિન્દુ સમાજમાં જાતિભેદ રૂપી વ્યવહારના કારણે ઉત્પન્ન થયેલ અમાનવીય ક્રૂરતા સામે સંઘર્ષ કરે છે. સંત રવિદાસ પોતાનું પગરખાં બનાવવાનું પારિવારિક કાર્ય સ્વાભિમાન સાથે કરતા રહી, ભક્તિભાવપૂર્ણ અનેક પદ-

ભજન રચી ભક્તોની વચ્ચે ગાતા રહી, સમાજમાં વ્યાપ્ત જાતિભેદને દૂર કરવા અને નવીન સમાજવ્યવસ્થા નિર્માણ હેતુ સમાજનું ભક્તિમાર્ગે પ્રબોધન કર્યું હતું.

સંત  રવિદાસજી કહે છે...

'જાંતિ એક જામેં એકહિ ચિન્હા,
દેહ અવયવ કોઈ નહીં ભિન્ના.
કર્મ પ્રધાન ઋષિ-મુનિ ગાવેં,
યથા કર્મ ફલ તૈસહિ પાવેં.
જીવ કે જાતિ બરન કુલ નાહીં,
જાતિ ભેદ હૈ જગ મૂરખાઈ.
નીતિ-સ્મૃતિ-શાસ્ત્ર સબ ગાવેં,
જાતિ ભેદ શઠ મૂઢ બતાવેં.

એટલે 'જીવની કોઈ જાતિ નથી, નથી વર્ણ કે નથી કુળ. ઋષિ-મુનિઓએ વર્ણને કર્મપ્રધાન બતાવ્યા છે, આપણાં શાસ્ત્રો પણ આ જ કહે છે. જાતિભેદની વાત મૂઢ અને શઠ લોકો કરે છે. વાસ્તવમાં બધાની જાતિ એક જ છે.' લોકોને સમજાવતાં તેઓ કહે છે કે...

રવિદાસજી  જન્મ કે કારનૈ,
હોત ન કોઉ નીચ.
નર કો નીચ કરિ ડારિ હૈ,
ઓછે કરમ કી કીચ.

એટલે કે જન્મથી કોઈ શ્રેષ્ઠ અથવા નિમ્ન નથી હોતું. ખરાબ કર્મથી જ વ્યક્તિ નિમ્ન બને છે. સંત રોહિદાસજી કહે છે કે, જાતિથી કોઈ ઊંચા પદે નથી પહોંચતું. પણ વ્યક્તિને મહાન બનાવવાનું કાર્ય - તેની ઈશ્વરભક્તિ,  વિદ્યા,  કર્મઠતા, ચારિત્ર્ય, શ્રદ્ધા, ઉદારતા, કર્તવ્યપરાયણતા તથા માનવીય પાસાંઓ કરતા હોય છે,  તેની જાતિ નહીં.

અબ કૈસે છૂટે રામરટ લાગી,
પ્રભુજી તુમ ચંદન હમ પાની.
જાકી અંગ-અંગ બાસ સમાની,
પ્રભુજી તુમ ઘન વન હમ મોરા.
જૈસે ચિતવત ચંદ ચકોરા,
પ્રભુજી તુમ મોતી હમ ધાગા.
જૈસે સોનહિં મિલત સોહાગા,
પ્રભુજી તુમ સ્વામી હમ દાસા,
એસી ભક્તિ કરૈ રૈદાસા.

એટલે કે... જેમ પાણી, વાટ, દોરી વગેરે વગર ચંદન, દીપક, મોતી, સુવર્ણ વગેરે પોતાનું અસ્તિત્વ - ઓળખ બનાવી શકતાં નથી, તેમ ભક્ત વગર ભગવાનનું પણ આવું જ છે. આમ, સંત રવિદાસજી પ્રભુની સાથે ઓતપ્રોત થઈ એકાકાર - એકાત્મ થઈ ગયા હતા.

સંત રવિદાસજી પરમહંસની નિ:સ્પૃહ સ્થિતિમાં પહોંચી ગયા હતા. તેઓ કહે છે કે મેં સંસારના બધા જ સંબંધો તોડી દીધા છે. હવે તો માત્ર પ્રભુના ચરણોનો જ સહારો છે.

મૈં હરિ પ્રીતિ સબનિ સૌં તોરી,

સબ સૌં તોરી તુમ્હેં સંગ જોરી.

સબ પરિહરિ મૈં તુમહીં આસા,

મન બચન ક્રમ કહૈ રૈદાસા.

સંત રવિદાસજીના ઉદાત્ત ભક્તિભાવને જોઈ કાશીના રાજા, ચિત્તોડના મહારાણા ઉદયસિંહના પત્ની ઝાલી રાણી તેમના અનુયાયી બની જાય છે. ગાંગરૌન ગઢના રાજા પીપાજી પણ રવિદાસજીના શિષ્ય થયા. અનેક પ્રકારના વિરોધને સહન કરી ચિત્તોડની કુળવધૂ મેડતાની મીરાં સંત રવિદાસજીના શરણે આવી તેમનો ગુરુ તરીકે સ્વીકાર કરે છે. મીરાં અને સંત રવિદાસજીનું મિલન સગુણ અને નિર્ગુણ ભક્તિનું મિલન છે અને સાથે-સાથે જાતિ આધારિત ભેદભાવ માનનારને એક સુંદર પ્રેરક શિખામણ પણ છે. ચિત્તોડના મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા માટે ચિત્તોડના રાણા સંત રવિદાસજીને બોલાવી તેમનું સન્માન કરી પાદ-પૂજા કરે છે.

સમાજની એવી પણ પરિસ્થિતિ હતી કે શૈવ-વૈષ્ણવોમાં ભેદ હતો. આવા મિથ્યા ભેદભાવ ન હોવા જોઈએ એવું સંત રોહિદાસજી માનતા હતા. તેમનો આ નિર્મળ ભાવ તેમનાં અનેક ભક્તિપદોમાં જોવા મળે છે. રામ નામની સાથે કૃષ્ણ-શિવના નામ મુરારિ, શ્યામ, ગોવિંદ, નરહરિ, નારાયણ, દેવાધિદેવ, માધવ, ગોપાલ, અલખ નિરંજન તેમનાં પદોમાં જોવા મળે છે.

શ્રી આદિ ગ્રંથ (ગુરુ ગ્રંથસાહેબ) કે જેનું સંકલન ગુરુ અર્જુનદેવજી મહારાજે કર્યું હતું. સંત રવિદાસજીનાં ૪૦ પદોને આ પવિત્ર ગ્રંથમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થયેલ છે. સંત કબીરજીએ ‘સંતોમાં સંત રવિદાસજી’ કહી તેમના પ્રત્યે શ્રદ્ધા પ્રકટ કરી હતી.

સંત રવિદાસજીના એક શિષ્ય તેમને ગંગાસ્નાન માટે સાથે આવવા આગ્રહ કરે છે ત્યારે તેમણે કહ્યું, ગંગાસ્નાન માટે હું ચોક્કસ તમારી સાથે આવતો, પરંતુ મેં કોઈને આજે પગરખાં બનાવીને આપવાનું વચન આપેલ છે. જો હું ગંગાસ્નાન માટે આવીશ તો વચન ભંગ થશે. જો મન પવિત્ર હશે તો આ કથરોટનું પાણી જ ગંગાજળ બની જશે. એવું કહેવાય છે કે ગંગાજીનું પવિત્ર જળ કથરોટ સુધી આવી જાય છે. આ પ્રસંગ પછી ‘મન ચંગા તો કઠૌતી મેં ગંગા’ નામની કહેવત પ્રચલિત થઈ.

સંત રોહિદાસજીનો ગુજરાત સાથે પણ સંબંધ જાણવા મળે છે. કાઠિયાવાડના જૂનાગઢમાં રવિદાસજી કુંડ આવેલો છે. ચિત્તોડમાં તેમની સ્મૃતિમાં રવિદાસજીના ચરણ-ચિહ્ન તથા રવિદાસજીની છત્રી બનાવેલ છે.

દક્ષિણ ભારતમાં પણ બાલાજી પહાડીની તળેટીમાં તિરૂપતિ મંદિરની પાસે તેમનું સ્મારક છે. આમ, સંત રવિદાસજીના પ્રદાનને એકાત્મતાના આચરણ થકી તેમનાં કાર્યોને આગળ ધપાવવાનો દૃઢ સંકલ્પ કરીએ. રામમય પ્રાત:સ્મરણીય સંત રવિદાસજીને કોટી કોટિ પ્રણામ.

**નરસિંહ મહેતા**

નરસિંહ મહેતા ૧૫મી સદીમાં થઈ ગયેલ ગુજરાતી ભાષાના પ્રથમ કવિ હતા. આથી તેઓ આદ્ય કવિ અથવા આદિ કવિ કહેવાય છે. તેમના પિતાનું નામ કૃષ્ણદાસ અને માતાનું નામ દયા કુંવર હતું. નરસિંહ ભગતે કૃષ્ણભક્તિનો ગુજરાતમાં વ્યાપક પ્રચાર કર્યો હતો. ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન કરી ભક્તિગીતો-પદો દ્વારા સામાન્ય જનસમૂહમાં ખુબ લોકપ્રિય બન્યા છે. તેના દ્વારા જનસમૂહને ભક્તિના પ્રવાહમાં જોડ્યો છે. તેમની ગણના ગુજરાતી ભાષાના આદિકવિ તરીકે થાય છે. તેમની રચનાઓમાં સગુણ અને નિર્ગુણ તથા બંને સ્વરૂપ જોવા મળે છે. ભક્ત નરસિંહે સંસારના તમામ જીવોને સમાન સમજ્યા છે. અને આખાય જગતને બ્રહ્મમય માન્યું છે. તેઓ કહે છે કે આ વિરાટ જગતમાં ઈશ્વર વિવિધ સ્વરૂપમાં વ્યાપ્ત છે.

‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.’

એટલે કે આખા બ્રહ્માંડમાં એકલો તું જ છે જે નાનામાં નાના કણથી લઈ અનંત સુધી સર્વત્ર જોવા મળે છે. બધાં જ શરીરોમાં દેવ સ્વરૂપે, તેજમાં તત્વસ્વરૂપે, શૂન્યમાં શબ્દ રૂપથી એવી વેદવાણી એમની રચનામાં પ્રગટી છે. નરસિંહ મહેતા જાતિ –સંપ્રદાયના ભેદભાવમાં માનતા નથી અને હરીજનોની વચ્ચે જઈ ભજન કીર્તન કર્યું છે. ભક્ત કવિ નરસિંહ મહેતા કહે છે કે ...

‘ગિરિ તળેટી ને કુંડ દામોદર ત્યાં મહેતાજી નહાવા જાય,
ઢેડ વરણ મો દૃઢ હરિ ભક્ત પ્રેમ ધરી ને લાગ્યા પાય.

એટલે કે ‘પર્વતની તળેટીમાં જે દામોદર કુંડ છે ત્યાં નરસિંહ મહેતા સ્નાન કરે છે અને દૃઢ ભક્તિ ભાવવાળા હરિજનના પગે પડે છે. ‘ભક્ત કવિ નરસિંહ મહેતા જાતિ-નાતીના ભેદભાવોથી ઘણા ઉપર છે. એમના ભજન કીર્તનમાં તમામ જાતિના લોકો આવે છે અને તેઓ બધા જ ભક્તોમાં ભગવાનના દર્શન કરે છે. અસ્પૃશ્ય કહેવાતા લોકો પણ નરસિંહને બોલાવે છે તો ત્યાં જઈને ભજન કીર્તન કરે છે. એક દિવસ અસ્પૃશ્ય કહેવાતા પરિવારમાં એકાદશીનું વ્રત હતું, તેમણે સંકોચ સાથે નરસિંહ મહેતાને પોતાના ઘરે આમન્ત્રણ આપી બોલાવ્યા અને કહ્યું કે તેમના જ ઘરે રાત્રે ભજન કરે છે. તે સમયે નરસિંહની પત્નીને ખુબ જ તાવ હોય છે છતાંય દવાઓની વ્યવસ્થા કરી ભક્તના ઘરે આનંદથી જાય છે અને ભજન કીર્તન કરે છે. સવારે વહેલા જયારે ઘરે પાછા આવે છે ત્યાં સુધીમાં તો તેમની પત્ની સદાય માટે ચિરનિંદ્રામાં સુઈ ગઈ હતી. નગરમાં આ સમાચાર વાયુ વેગે ફેલાઈ જાય છે. અસ્પૃશ્ય કહેવાતા લોકોના ઘરે ભજન કરવાના

કારણે ગુજરાતના નાગર બ્રાહ્મણોએ તેમને નાત બહાર મૂકી દીધા હતા. બધા જ પ્રાણીમાત્રનું દુઃખ સમજવાવાળા કરુણાભાવથી પરિપૂર્ણ તેમનું ભજન સમગ્ર ભારતમાં જાણીતું છે.

'વૈષ્ણવ જન તો તેને કહીએ જે, પીર પરાઈ જાણે રે,
પર દુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

ઉપરની પંક્તિ દ્વારા કવિ કહેવા માંગે છે કે પ્રભુનો ભક્ત તો ખરેખર એ છે જે બીજાના દુઃખ જાણીને દૂર કરે અને બીજાને ઉપકાર કરે તોપણ ક્યારેય પોતે મનમાં સહેજેય અભિમાન ન લાવે તેજ ખરો ભક્ત.

આમ, ભક્તો વચ્ચે કોઈ પણ પ્રકારની જાતિગત ભેદભાવ રહે તે શક્ય જ નથી. આ જ કારણે નરસિંહ ઉચ્ચ કુળના બ્રાહ્મણોના ઘરો તથા અસ્પૃશ્ય સમાજના લોકોના ઘરોમાં કોઇપણ ભેદભાવ વગર જતા હતા. અને ભજન કીર્તન કરી ગાતા અને સાથે નૃત્ય પણ કરતા હતાં. મહાત્મા ગાંધીએ પોતાના સમાજ સુધારાના આંદોલનના સમયે હિંદુ સમાજના વંચિત અને અસ્પૃશ્યો માટે જે 'હરિજન' શબ્દ પ્રયોગ કર્યો તે નરસિંહ મહેતાના ભજનોમાંથી લીધો છે.

**ગંગાસતી**

ગંગાસતીનો જન્મ ઈ.સ. ૧૮૪૬માં ભાવનગરના પાલીતાણા નજીક આવેલ રાજપરા ગામમાં રાજપુત કુટુંબમાં થયો હતો. પિતાનું નામ ભાઈજી સરવૈયા અને માતા રૂપાળી બા. નાનપણથી ગંગાસતી ઈશ્વરમય હતાં. તેમના સંસ્કાર ઉચ્ચ હતા. વળી, એવું કહેવાય છે કે તેમણે વાવેલો એક લીમડો હજી તેના આંગણામાં ઊભો છે.

તેમના લગ્ન ભાવનગર નજીક આવેલા સમઢીયાળાના ગિરાસદાર કહળસંગ અથવા કહળુભા સાથે થયા હતા. કહળસંગ ભક્તિ આંદોલનના નિજ્ય અનુયાયી હતા. ગંગાસતી અને કહળસંગ અત્યંત ધાર્મિક હતા અને તેમનું ઘર ધાર્મિક સત્સંગનું કેન્દ્ર બન્યું. તે વખતે રાજપુત કુટુંબોમાં એવો રીવાજ હતો કે દીકરી સાસરે જાય ત્યારે એની સારસંભાળ માટે એક દાસીને મોકલવી. ગંગાસતીના માતા-પિતાએ રાજપરાના જ હમીરભાઈ પઢીયારની પુત્રી પાનબાઈને વડારણ તરીકે ગંગાસતી સાથે મોકલી. ખરેખર તો બહેનપણી જેવાં જ હતાં. સમઢીયાળાના દરબારગઢમાં ભક્તિનો ત્રિભેટો જામે છે. પાનબાઈ પણ પ્રભુભક્તિમાં ખોવાઈ જવા લાગે છે. એવામાં કહળસંગના પિતાનું અવસાન થયું અને તેઓએ ઘર ત્યજી સીમમાં આશ્રમ બાંધ્યો. તેઓ ખેતરમાં જઇ વસ્યા અને ત્યાં ઝૂંપડી બાંધી રહેવા લાગ્યા અને સત્સંગ ત્યાં ચાલુ રાખ્યો. લોકવાયકા મુજબ, લોકોના વ્યંગથી પોતાની આધ્યાત્મિક સિદ્ધિઓની સાબિતી આપવા માટે, કહળસંગ સિદ્ધિનો ઉપયોગ કરવા પ્રેરાયા. તેમની સિદ્ધિથી મૃત ગાય સજીવન થઈ અને ચોતરફ વાત ફેલાઈ ગઈ. સિદ્ધિનો અકારણ ઉપયોગ અને પરિણામ સ્વરૂપ આવી મળેલ પ્રસિદ્ધિ ભજનમાં બાધા કરશે એમ સમજાતાં તેમણે પ્રાયશ્ચિતરૂપે દેહત્યાગનો સંકલ્પ કર્યો. ગંગાસતીએ પણ તેમની સાથે દેહત્યાગની ઈચ્છા વ્યક્ત કરી. પરંતુ કહળસંગે પાનબાઈનું અધ્યાત્મ શિક્ષણ પૂરું ન થાય ત્યાં સુધી તેમને રોકાઈ જવાની આજ્ઞા કરી. કહળસંગે

દેહત્યાગ કરી સમાધિ લીધી ત્યારપછી એમ કહેવાય છે કે ગંગાસતી રોજ એક ભજનની રચના કરતાં અને પાનબાઈને સંભળાવતા. ગંગાસતીના ભજનો એક રીતે પાનબાઈને ઉદ્દેશીને અપાયેલ આધ્યાત્મિક શિક્ષણ છે. બાવન દિવસ સુધી આ ક્રમ જારી રહ્યો, જેના પરિણામે બાવન ભજનોની રચના થઈ. ગંગાસતીએ ત્યારબાદ સમાધિ લીધી. એમની પાછળ પાનબાઈએ પણ સમાધિ લીધી. એમના ભક્તિમય અને સેવાભાવી જીવનને વંદન કરવા ઘટે. ગંગાસતીનાં ઘણાં ભજનો પ્રચલિત બન્યાં છે અને તે ભજનોમાં સામાજિક સંવાદિતાના દર્શન થાય છે.

‘જાતિ પણું છોડીને અજાતિ થાવું ને,
કાઢવો વરણ વિકાર રે;
જાતિ પાંતિ નહિ હરિકેરા દેશમાં ને,
એવી રીતે રહેવું નિર્માણ રે...ભક્તિ રે કરવી...’

ઉપરની પંક્તિમાં ગંગાસતી કહે છે કે જાત –પાત છોડીને એક થઈને રહેવું અને વર્ણના વિકારોને દૂર ત્યજી દેવા કેમ કે આ વર્ણના ભેદ ભગવાનના દરબારમાં નહિ ચાલે ત્યાં તો બધાએ એક જ થઈ રેહવું પડશે.

‘ભેદવાણીપણાનો સંશય ટળી ગયો ને
મટી ગયો વર્ણવિકાર રે,
તનમનધન જેણે પોતાનું માન્યું ના
સતગુરુ સાથે જે એકતાર રે...સત્ય વસ્તુમાં જેનું ...’

ઉપરની પંક્તિમાં ગંગાસતી કહે છે કે વર્ણોના વિકાર મટી ગયા છે અને જે સજ્જને પોતાના તનમનધનને ત્યજી દીધા છે તે જ ગુરુ સાથે એકાકાર થઈ શકે છે, બાકી જાતિ-પાંતિ અને સ્વાર્થના વાળાથી ગુરુસાથે એકતાર થઈ શકાતું નથી.

આમ, ગંગાસતીએ કુલ બાવન ભજનો તેમની શિષ્યા પાનબાઈને ઉપદેશ આપવા લખ્યા છે જે ગુજરાતી સાહિત્યમાં અમુલ્ય ભેટ સમાન છે. આ ઉપરાંત આપણા ગુજરાતી સાહિત્યમાં આ ક્ષેત્રે કચ્છી સંત મેકરણ દાસ, સ્વામી સહજાનંદ, સ્વામિનારાયણ સંપ્રદાયના મુક્તાનંદ, બ્રહ્માનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ, ભૂમાનંદ, સંતમૂળદાસ, સ્વામી દયાનંદ સરસ્વતી, મીરાંબાઈ આદિ સંતોએ ગુજરાતની ભૂમિ પરથી નાતજાતના ભેદભાવ દૂર કરવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

**સંદર્ભગ્રંથ**

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ઉમાશંકર જોશી
૨. ગંગાસતીની ભજનાવલી, ગંગાસતી
3. નરસિંહ મહેતા આસ્વાદ, સં. રઘુવીર ચૌધરી